# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

હતી આશા કે મળશે મિઠાસ, કેરી ખાટી નિકળી!
સંબંધોની ખાણમાંથી મળશે સોનું, માટી નિકળી!
ફાટી નીકળી, મોકલી હતી જે સાડી સેનાથી છૂપી -
બદલી નથી રીત, એ જ જૂની પરિ-પાટી નિકળી..
(દેખાવના ને ચાલવાના અલગ)

## હાઈકુ

થાય ન કદી,
નેતાઓ ને શિક્ષક
સેવા-નિવૃત્ત!

રાખે છે સૌને
નાપાક આતંકીઓ -
રેડ-એલર્ટે..

## ચિંતન

**વરં દરિદ્રઃ શ્રુતિ શાસ્ત્ર પારંગો ન ચાપિ મૂર્ખો બહુરત્ન સંયુતઃ ।**
**સુલોચના જીર્ણપટાપિ શોભતે ન નેત્રહીના કનકૈરલંકૃતા ॥**

'સુંદર લોચનવાળી સ્ત્રીએ ભલે ફાટેલાં તૂટેલાં વસ્ત્રો પહેર્યા હોય છતાં પણ તેનું સૌંદર્ય શોભી ઉઠે છે પરંતુ નેત્રહીન સ્ત્રી ગમે તેટલાં સારાં આભૂષણથી સજ્જન હોય છતાં પણ શોભતી નથી. એવી રીતે વિદ્વાન પુરૂષ ભલે દરિદ્રી-ગરીબ પરિસ્થિતિમાં હોય છતાં તે તેના વેદ-શાસ્ત્રોનાં પ્રભાવ દ્વારા શોભે છે. પણ મૂલ્યવાન આભૂષણોથી સજ્જ હોય છતાં મૂર્ખ માણસ શોભતો નથી.'

આંતરિક સૌંદર્યથી જ વ્યક્તિ શોભે છે વ્યક્તિમાં જ્ઞાન-સમજ-બુદ્ધિ-વિવેક અને નમ્રતા હોય તો આંતરિક સૌંદર્ય ખીલી ઊઠે છે આવા વ્યક્તિત્વને બહારની ટાપટીપ-આભૂષણની જરૂર પડતી નથી.

જયારે ખૂબ શણગાર-સુવર્ણ આભૂષણો મોંઘેરા પોષાક છતાં જો માણસ અજ્ઞાન અને અવિવેકી હોય તો પણ એ શોભતો નથી.

જો કે અહીં સુલોચના અને અંધનું દૃષ્ટાંત આપ્યું છે એ સમજ પુરતું બરાબર છે.

## સુવિચાર

- નિત નીસરી આજ હકીકત કાલ કથાનક લાગશે.. મોત ભલે સો વરસે આવે છતાં અચાનક લાગશે **- એસ. ભટ્ટાચાર્ય**
- રૂપિયાની ભૂખ એવી હતી કે કમાવા માટે લાગી ગયા.. રૂપિયા મળ્યાં ત્યાં તો સંબંધો છૂટી ગયા.. બાળકો સાથે રહેવાનો સમય ન મળ્યો.. અને જયારે સમય મળ્યો ત્યારે બાળકો જ રૂપિયા કમાવા નીકળી ગયા **- ડો. ચંદ્રકાન્ત મહેતા**
- નસીબ જોર કરતું હોય તો ઉધારમાં લીધેલા ટામેટામાં પણ હીરો નીકળે **- જાપાની કહેવત**
- કયારેય એને નજર અંદાજ ન કરો.. જે તમારી ખૂબ પરવા કરતો હોય.. નહીંતર એક દિવસ તમને થશે કે પથરા ભેગા કરતાં કરતાં તમે હીરો ખોઇ બેઠા **- અમૃતબિંદુ**
- સત્ય પ્રાપ્તિ માટે સમજ કેળવવી જરૂરી અને સમજ કેળવવા સમર્પણભાવ જરૂરી છે **- જ્ઞાનસૂત્ર**
- અહંભાવનો દાવો નહીં ને 'હું' ને કર્તાથી દૂર રહે છે.. પોતાને તો પાછળ રાખે અને દુર્જનમાં દેવત્ત્વ દેખે છે **- મુનિ શ્રુતિસાગરજી**
- જીવનમાં સફળ થવું એ લબ્ધિ છે.. પણ જીવન સાર્થક થવું એ ઉપલબ્ધિ છે **- ડોંગરેજી મહારાજ**

**(સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

વિદ્વાન-પંડિત-સાહિત્યકાર પોતાની જરૂરિયાત માટે કયાંય કોઇ પાસે યાચના કરતા નથી પણ બૌધિક સંકેત જરૂર આપે છે.

અકબરના દરબારમાં કવિશ્રી અબ્દુલ રહીમ ખાનખાના હતા. કવિ તો હતા સાથે સંપન્ન પણ હતા શ્રી અને સરસ્વતીનો સારો સુમેળ તો હતો સાથે હૃદય પણ ઉદાર હતું.

- ખાનખાના એકવાર પાલકીમાં બેસીને જતા હતા ત્યાં એક પરિચિત શાયરે લોખંડનો એક ચોરસ ટૂકડો ખાનખાનાના પગ પાસે મુકી વંદન કર્યા..

ખાનખાના એ પાલકી થોભાવી અને તરત પોતાની કોથળીમાંથી બરાબર એ જ માપની સોનાની લગડી કાઢી એ શાયરના હાથમાં મૂકી.

પાલકી આગળ ચાલી - પાલકી ઊંચકનારા અંદરોઅંદર ખાનખાનાની આ હરકત પર ટીકાત્મક ચર્ચા કરવા લાગ્યા.. એમાના એક જણે તો આ હરકતનું રહસ્ય હિંમત કરી પૂછી પણ લીધું..

ખાનખાના કહે એ ગરીબ કવિ મને પારસ સમજી લોખંડનો ટૂકડો મારા અંગૂઠા પાસે મૂક્યો - હું એનો સંકેત સમજયા અને એ જ માપની 'લગડી' મેં આપી એનો વિશ્વાસ અને શ્રદ્ધા અટલ રહ્યાં.

પાલકીવાળા એ ખાનખાનાની ઉદારતા-સમજને વંદન કર્યા.

Email - sureshchandrabhatt18@gmail.com

# તમે તમારાં બાળકને પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પના નહીં, કારણ કે એમને પોતાની કલ્પનાઓ છે : ખલીલ જિબ્રાન

## એમને બાળક જ રહેવા દો... અક્ષયપાત્ર

- બકુલ દવે

બચ્ચો કે છોટે હાથોં કો, ચાંદ સિતારે છૂને દો,
ચાર કિતાબેં પઢકર યે ભી, હમ જૈસે હો જાયેંગે.
- નિદા ફાજલી

યુવાન માતાપિતા પોતાના બાળક માટે મહત્ત્વાકાંક્ષી હોય તે ખોટું નથી, પણ આ બાબત એક સીમાને અતિક્રમી ઝનૂન બની જાય ત્યારે બાળક માટે તે સજા બની જાય છે. આજે વિવિધ ક્ષેત્રોમાં કયારેક સાવ અકારણ - ગળાકાપ સ્પર્ધાઓ જોવા મળે છે. એનો રેલો છેક નિર્દોષ બાળકના પગ સુધી પહોંચી ગયો છે.

ઘણી વાર માતાપિતા બાળકને પાલતું જાનવરની જેમ તાલીમ આપતાં હોય છે. હાથમાં ફૂટપટ્ટી લઈ બાળકને ભણાવતી મા અથવા તો પિતાને જોઈએ ત્યારે લાગે કે બાળક રેસનો અશ્વ છે અને માતાપિતા જોકી. પરીક્ષાનો જેકપોટ જીવતા માટે એ અશ્વ પર ઉભડક સવાર થઈ અને ચાબુક મારી - મારીને દોડાવે છે. અશ્વ પુરી તાકાતથી દોડે છે પણ હંમેશાં જૅકપોટ જીતી શકતો નથી.

માતાપિતાએ મહત્ત્વકાંક્ષી બનવા માટે એક સત્યને પણ સ્વીકારીને ચાલવું જોઈએ કે દરેક બાળક બધા જ ક્ષેત્રમાં પ્રાવીણ્ય પ્રાપ્ત ન કરી શકે. દરેક ક્ષેત્રમાં કોઈજી તો પાછળ રહેવું પડતું હોય છે. બધાં જ બાળકો નેવું ટકા ઉપર માર્ક્સ લાવે એવાં ન જ હોય, કારણ કે દરેક બાળકની રૂચિ, સમજણ અને અભિવ્યક્તિ સરખાં ન હોઈ શકે, માતાપિતાએ બાળકને રૂચિ પારખી એને એ ક્ષેત્રમાં આગળ વધવા પ્રોત્સાહિત કરવું જોઈએ. ગણિતમાં ઓછી રૂચિ ધરાવતો વિદ્યાર્થી ડૉકટર અથવા ઈજનેર ન બની શકે પણ એને ચિત્રકામમાં કશુંક કરવાની ધગશ હોય, રૂચિ હોય તો એ સારો ચિત્રકાર જરૂર બની શકે. નહીં ગમતા ક્ષેત્રમાં નિરસ - નિષ્ફળ જીવન જીવતી વ્યક્તિ કરતાં મનગમતું કામ કરી જીવનની સાર્થકતા અનુભવતી વ્યક્તિ વધુ સુખી હોય છે. પોતાના બાળકને ભવિષ્યમાં આવું સુખ મળે તે રીતે વિચારવાની સમજણ માતાપિતામાં હોય તો શિક્ષણ આપવાનો હેતુ લગભગ સિદ્ધ થાય.

ખલીલ જિબ્રાને કહ્યું, છે, 'તમે તમારાં બાળકને પ્રેમ ભલે આપો પણ તમારી કલ્પના નહીં, કારણ કે એમને પોતાની કલ્પનાઓ છે.' કેટલાંક માતાપિતા બાળક પાસે પોતાની ઈચ્છા મુજબ કરાવવા માટે પ્રલોભનો આપે છે, 'તું અમુક પોએમ રિસાઈટ કરીશ તો તને ચોકલેટ આપીશ.' ધમકી અથવા તો લાલચ મનમાં ઝિલાતી હોય છે. આગળ જતાં એ બાળક વયસ્ક બને ત્યારે તે કોઈ વિકૃતરૂપે પ્રગટ થાય એવું પણ બને. કોઈ ચિંતકે કહ્યું છે, **'Children are like cement'** ભીના સિમેન્ટમાં પડેલી છાપ કાયમ રહી જતી હોય છે. નોબેલ પારિતોષિક વિજેતા ફ્રેન્ચ નવલકથાકાર આલ્બર્ટ કામુએ એક જગ્યાએ લખ્યું છે. 'માનવજાતની મોટામાં મોટી સમસ્યા જો કોઈ હોય તો એ દશ્ય જગતનાં અદશ્ય મૂળીયાંને સમજવાની છે.'

કોઈ ભ્રષ્ટાચાર આચરે, કોઈ કામ કરવા માટે લાંચ લેતી હોય તો શક્ય છે કે એની એ વિકૃતિનાં મૂળિયા એના ઉછેરમાં પડેલાં હોય. ઝડપથી જિવાતી જિંદગી અને શક્ય હોય એટલું જીવનને નીચોવી લેવાનું વલણ હવે બાળકોમાં પણ પ્રવેશી ગયું છે. આ કારણથી હવે બાળકો વહેલાં પુખ્ત થવા લાગ્યાં છે - મનથી અને શરીરથી. કેરી વૃક્ષ પર પાકે અને એને પરાણે પકવીએ એમાં ફરક છે. પરાણે પકાવેલી કેરીઓમાં કુદરતી રીતે પાકેલી કેરી જેવી મીઠાશ હોતી નથી.

# ખેત જમીન ટોચ મર્યાદા ધારા અન્વયે હવે વીડીની જમીન ખેતીની જમીન જ ગણાશે

## વાત કાનૂન કાયદાની...



- અશ્વિન વી. ત્રિવેદી
એડવોકેટ
atopcl@gmail.com

ગુજરાતમાં ખેતી જમીન ટોચ મર્યાદા ધારા ૧૯૬૦ નો અમલ ૧લી સપ્ટેમ્બર-૧૯૬૧ થી કરવામાં આવ્યો હતો જેમાં વધુ જમીન ધારણ કરતા ખેડૂતો પાસેથી વધારાની જમીનો ફાજલ ગણીને જમીન વિહોણા ખેત મજુરોને આપી દેવામાં આવતી હતી આવી સ્થિતિમાં ખેતીની જમીન ઉપરાંત જયાં ઢોરઢાંખરને ચરવા માટે ઘાસ ઉગાડવામાં આવતું હતું તે વીડીની જમીનને ખેતીની જમીન ગણવામાં આવતી હતી અને વહેંચણી કરી તેને પડકારવામાં આવતી હતી જે અપીલો સામે મામલતદારે કે કૃષી પંચે પણ હુકમો કર્યા હતા તે હુકમો ગુજરાત હાઈકોર્ટમાં ૨૭ પીટીશનો થતા તે લગત કૃષી પંચનો હુકમ જ માન્ય ગણવામાં આવ્યો હતો જે જમીન ખેત જમીન ટોચ મર્યાદા ધારા ૧૯૭૪ હેઠળ રાજય સરકારે ઘાસની જમીનને સરકાર હસ્તક લીધેલ તે સામે સુપ્રિમમાં અપીલ કરવામાં આવતા સુપ્રિમ કોર્ટે વીડીની જમીનને ખેતીની જમીન ગણવામાં આવી હતી જેના પગલે રાજય સરકારે પણ વીડીની જમીનને ખેતીની જમીન ગણવાનો નિર્ણય લઈ પરિપત્ર બહાર પાડવામાં આવ્યો છે અને વીડીની જમીનને ખેતીની જમીન ગણવાનો આદેશ જાહેર કર્યો છે.

રાજય સરકારના મહેસુલ વિભાગના આદેશ અનુસાર ખેત જમીન ટોચ મર્યાદાના કાયદા (એએલસી એગ્રીકલ્ચર એન્ડ સીલીંગ એકટ) ના કેસમાં નિયમાનુસાર મળવાપાત્ર જમીન આપતા કોઈ જમીન ફાજલ જાહેર કરવા પાત્ર ન હોવાનું કૃષિ પંચે ઠરાવ્યું હોય અને તેવા કેસમાં પ્રાંત અધિકારીએ રીવ્યુમાં પણ તેને માન્ય કરેલુ હોય ત્યારે તેવા કેસોની પુનઃ સમીક્ષા કરી શકાશે નહી આ ઉપરાંત એ.એલ.સી. ન કેસમાં કૃષી પંચે જમીન ફાજલ કરી હોય તેવા હુકમ અથવા ખેતીની જમીન સામે વીડીની જમીનના ક્ષેત્રફળને પણ સંયુકત રીતે ગણતરીમાં લઈને એ.એલ.સી. કેસના પ્રોસીડીંગ મેળવવા સામે ખેડૂતો સરકાર તરફે સોગંદનામું કરીને સુપ્રિમ કોર્ટના ચુકાદાને સ્વીકાર કરે તો ત્યારે આવા કેસોની વિગતો દર્શાવતું પત્રક દરેક કલેકટર જમીન સુધારણા કમિશ્નરને મોકલી આપવાનું રહેશે એવી જ રીતે જે કેસોમાં ખેડૂતોની માત્ર ખેતીની જમીનનું ક્ષેત્રફળ ધ્યાને લઈને એ.એલ.સી. કેસ ચલાવવામાં આવ્યો હોય એટલે કે વીડીની જમીન સીધી બાદ આપેલી હોય તેવા કેસોમાં સુપ્રિમ કોર્ટના ચુકાદા મુજબ હવે ખેડૂતોની વીડીની જમીનનું ક્ષેત્રફળને ધ્યાને લઈને સંયુકત ક્ષેત્રફળના આધારે નવેસરથી એ.એલ.સી. કેસના પ્રોસીડીંગ ચલાવીને કૃષી પંચે ધારા ધોરણસર યોગ્ય નિર્ણય કરવો પડશે.

સમગ્ર હક્કિત જોતા મહારાષ્ટ્રથી અલગ થયા બાદ ગુજરાતમાં જયારે ખેતીની જમીન ટોચ મર્યાદા ધારો અમલમાં આવ્યુ હોય ત્યારે જે ખેડૂતો પાસેથી વધારાની જમીન લઈને જમીન વિહોણા ખેત મજૂરોને આવી જમીનો રાજય સરકાર દ્વારા સોંપવામાં આવતી હતી તેમાં ખેડૂતોની ખેતીની જમીન ઉપરાંત જે જમીનમાં ઘાસ ઉગાડવામાં આવતું હોય તે વીડીની જમીનને પણ ખેતીની જમીન ગણી તેવી કુલ જમીનમાંથી જમીન સરકાર હસ્તક લેવામાં આવતી હતી તેની સામે ખેડૂતોએ જોરદાર વિરોધ કરતા છેવટે સુપ્રિમ કોર્ટે વીડીની જમીન લગત રાજય સરકારના આદેશ આપતા નવા પરિપત્ર રાજય સરકારે જમીન મહેસુલ વિભાગના આદેશ અનુસાર બહાર પાડવામાં આવેલ છે.

કૃષી પંચે આવો નિર્ણય કરતી વખતે જો કોઈ જમીન ફાજલ થતી હોય તો ખેડૂત ખાતેદારના કબજાની જમીન ફાજલ તરીકે ગણવાની રહેશે આ રીતે નિર્ણય કરી કેસ રીવ્યુ કરવા માટે તરત જ સંબંધીત જીલ્લાના પ્રાંત અધિકારીશ્રીને તેમનો નિર્ણય લેવા મોકલવામાં આવશે અને પ્રાંત અધિકારી નિવાસી કલેકટરને કેસના કાગળો સોંપશે નિવાસી કલેકટરે હિત ધરાવતા પક્ષકાર તરીકે જરૂરી ચકાસણી કરીને તે અંગેનો અહેવાલ કલેકટરશ્રીની સહિથી જમીન સુધારણા કમિશ્નરને મોકલી આપવાનો રહેશે એ.એલ.સી. કેસના પ્રસીડીંગમાં ખાતેદાર ખેડૂતની ખેતીની કોઈ જમીન ફાજલ કરવામાં આવેલી હોય અને તેના કેસમાં ખાતેદારે જમીન ફાજલ કરવા સામે અપીલ કરેલી હોય કે દાદ માંગી હોય તો તેવા કેસમાં સક્ષમ સત્તાધિકારી દ્વારા કેસ કાઢી નાખવામાં આવ્યા બાદ સુપ્રિમ કોર્ટના ચુકાદ મુજબ ખેડૂતની ખેતીની જમીન સાથે વીડીની જમીનનું ક્ષેત્રફળ ધ્યાને લઈ સંયુકત ક્ષેત્રફળના આધારે નવેસરથી કાર્યવાહી કરવામાં આવશે.

# ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય એટલે જ - સર્વાંગીણ ઉન્નતિ, પરિશ્રમના જળ વિના ઉન્નતિનું વૃક્ષ પાંગરતું નથી

## અનન્યો આનન્દરૂપો અનન્તોડહમ્ ચિંતન

- હર્ષદ પ્ર. શાહ

**● અનન્ય હોવું...**

સૃષ્ટિના સર્જનહારે આ અદ્ભૂત સૃષ્ટિનું સર્જન કર્યું છે. એની વિશિષ્ટતાઓનો પાર નથી. એના રહસ્યો અપાર છે, જેનો તાગ પામવા યુગોથી મનુષ્યો મથી રહ્યો છે. એનો વિચાર કરવા બેસીએ તો ખોવાઇ જવાય. બુદ્ધિ અને વિજ્ઞાન એની અસીમ ક્ષિતિજોને સ્પર્શ કરવા આકાશ-પાતાળ એક કરે છે... અને બુદ્ધિની જયાં સીમા આવી જાય ત્યાંથી શ્રદ્ધાનું વિશ્વ આરંભાય છે. સર્જનહારનું બધું અનન્ય છે... મનુષ્ય પણ!

'એકોડ્હમ્ બહુસ્યામ્' એવા વિચારબીજમાંથી બ્રહ્માજી એકમાંથી અનેક થયા. મનુષ્ય અને જડ-ચેતન સૃષ્ટિ નિર્માણ પામી. ત્રિગુણમયી પ્રકૃતિ - સત્ત્વ, રજસ અને તમસનાં તત્ત્વો સચરાચર સૃષ્ટિમાં વ્યાપ્ત થયાં. માયા ઉત્પન્ન થઇ. પ્રત્યેક મનુષ્ય પંચમહાભૂત (પૃથ્વી, જલ, અગ્નિ, વાયુ અને આકાશ)નો બનેલો છે. સંત તુલસીદાસે કહ્યું છે કે -

ક્ષિતિજલપાવક ગગન સમીરા,
પંચતત્ત્વ યહ બની શરીરા.

વળી દરેક મનુષ્યનું શરીર, પ્રાણ, મન, બુદ્ધિ અને આત્માનું વરદાન પણ મળેલું છે. શરીર, પ્રાણ, મન અને બુદ્ધિ - એ ચાર કરણ (માધ્યમ) છે, જે મનુષ્યના અંતઃસત્વને પ્રગટ કરે છે. આત્મા એનો સાક્ષી છે, દર્શક છે.

દરેક મનુષ્યમાં આ બધાં તત્ત્વો, આ બધી બાબતો સમાન હોવા છતાં એ અનન્ય છે. દરેકમાં મૌલિકતાઓ અને વિશિષ્ટતાઓ છે. દરેકનું ભાવવિશ્વ જુદું છે. દરેકની વિચારની ગતિ ભિન્ન છે. દરેકની મર્યાદાઓ અને ક્ષમતાઓ જુદી જુદી છે. દરેકની લાગણીઓ અને સંવેદનાઓમાં વૈવિધ્ય છે. ઇશ્વરે દરેકને સમાનરૂપે પંચ જ્ઞાનેન્દ્રિયો અને પાંચ કર્મેન્દ્રિયોથી અભિસિક્ત કર્યા છે. દર્શનેન્દ્રિય, રસેન્દ્રિય, ધ્રાણેન્દ્રિય, સ્પર્શેન્દ્રિય અને કર્ણેન્દ્રિય એ પાંચેય જ્ઞાનેન્દ્રિયો દ્વારા અનુક્રમે રૂપ, રસ, ગંધ, સ્પર્શ અને શબ્દની અનુભૂતિ કરી શકાય છે. આ પાંચેય ચેનલો વિચારને જન્મ આપે છે અને મનપ્રદેશમાં પહોંચાડે છે. મન અગિયારમી ઇન્દ્રિય છે. એ જ્ઞાનેન્દ્રિય પણ છે અને કર્મેન્દ્રિય પણ છે. ફરી, આવી બધી સમાનતાઓ હોવા છતાં દરેક મનુષ્ય એક, અદ્વિતીય અને અનન્ય છે.

ટૂંકમાં વિધાતાને વૈવિધ્ય જ માન્ય છે. અને તેથી 'વિવિધતામાં એકાત્મતા' ના આ ઋત-સત્યને ભારતના ઋષિ-મનીષિઓએ વિવિધ રીતે સમજાવ્યું છે. આ સત્યને શિક્ષણ પ્રક્રિયા સાથે ગહન સંબંધ છે, વ્યક્તિ-ઘડતર સાથે પણ ઘણી લેવા-દેવા છે. એને અવગણવાથી નુકશાન જ થશે. તેથી દરેક વિદ્યાર્થી દરેક વિષય ભણે જ એવો આગ્રહ ન રખાય. એ શક્ય જ નથી. એ બધા વિષયમાં ઊંડો ઊતરી જ નહીં શકે. દરેકની રૂચિ-પ્રકૃતિ ભિન્ન છે, દૃષ્ટિક્ષેત્ર ભિન્ન છે. દરેકની ગ્રહણશક્તિ જુદી જુદી છે. દરેકની તીવ્રતા અને ગતિ અલગ અલગ છે. દરેકને એક લાકડીએ કેવી રીતે હાંકી શકાય? કોઇનું હૃદય કોમળ હોય તો કોઇનું કઠોર. કોઇને તર્ક ગમે તો કોઇને વિજ્ઞાન. કોઇને કલા ગમે તો કોઇને સાહિત્ય. કોઇમાં શ્રદ્ધાનું તત્ત્વ પ્રભાવી હોય તો કોઇમાં બુદ્ધિનું. કોઇની પ્રકૃતિ સર્જનાત્મક હોય તો કોઇમાં બુદ્ધિનું. કોઇની પ્રકૃતિ સર્જનાત્મક હોય તો કોઇની વિધ્વંશાત્મક. કોઇને વિશ્લેષણ ગમે તે કોઇને સંશ્લેષણ. કોઇને આયોજન ફાવે તો કોઇને સંયોજન. દરેકનો ગુણધર્મ અલગ હોય છે. દરેકના પૂર્વજન્મના સંસ્કારોને અધીન એની વૃત્તિ-પ્રવૃત્તિ અને એનું ર્મ હોય છે...

અને આ જ મૌલિક શક્તિઓ અને વિશિષ્ટતાઓને ધારણ કરીને અવતરેલા બાળકને આપણે આપણા વિચારો થોપી ન દેવા જોઇએ. આપણા દોષો અને પૂર્વગ્રહોનું સિંચન કરીને એની નિર્દોષતા નષ્ટ કરવાનો આપણને કોઇ અધિકાર નથી. બાળકને બનવું કંઇક હોય છે, આપણે બનાવવું કંઇક હોય છે. એની લાક્ષણિકતાઓ તરફ આપણું ધ્યાન કેન્દ્રિત જ થતું નથી. તેથી એની લાક્ષણિકતાઓને વાચા મળતી નથી. એ અભિવ્યક્ત થઇ શકતી નથી... અને પરિણામે એની ઇશ્વરપ્રદત્ત શક્તિઓ દબાઇ જાય છે. એના અંતરમાં રહેલા અગ્નિને તેજ બનીને પ્રગટ થવાની તમામ શક્યતાઓ ખતમ થઇ જાય છે. એની ઉપર રાખનું પડળ જામી જાય છે અને એક સંભાવ્ય સિતારો ચમકવાને બદલે ખરી પડે છે.

બાળક અસીમ સંભાવનાઓ અને અનન્યતા લઇને જન્મે છે. આપણું કામ એને પારખવાનું અને એને વિકસિત થવા માટે અનુકૂળતા કરી આપવાનું છે. મહર્ષિ અરવિંદે કહ્યું છે - 'કોઇ કોઇને ભણાવી શકતું નથી.' એ ઉક્તિને અનન્યતાના સિદ્ધાંત સાથે ગહન સંબંધ છે. દરેક બાળકની અનન્યતાને પારખીને યોગ્ય નિર્ણયો અને યોગ્ય આચરણ કરવાં જોઇએ.

**● આનંદ સ્વરૂપ હોવું...**

પરમાત્મા સચ્ચિદાનંદ સ્વરૂપ છે. સત્, ચિત્ અને આનંદ પરમાત્માનાં અભિન્ન તત્ત્વો છે. એ સત્ય સ્વરૂપ, ચિત્સ્વરૂપ (પરબ્રહ્મ) અને આનંદસ્વરૂપ છે. ચિત્શક્તિ એટલે જીવનતત્ત્વ, ચૈતન્ય.

આપણા બધામાં પણ આત્મા છે, આત્મતત્વ છે. આત્મા અને પરમાત્માનું અનુસંધાન છે. બિંદુમાં ગુણ મહાસિંધુનો, વ્યક્તિ-વ્યક્તિમાં પરમેશ્વરનો... એ ન્યાયે આપણે બધા પણ આનંદ સ્વરૂપ છીએ.

આત્માની સૌથી નિકટ આનંદમય કોષ છે. માટે સર્વ પ્રથમ 'આનંદ'ને જ માધ્યમ બનાવીને બાળકના વિકાસનો પ્રારંભ કરવો જોઇએ. 'આનંદ'ની વ્યાખ્યા પણ માતાપિતા ઊંડાણથી સમજે એ આવશ્યક છે. બાળકને ચોકલેટ ખવડાવીને આનંદ આપવો કે સુખડી ખવડાવીને, થિયેટરમાં લઇ જઇને આનંદ આપવો કે મંદિરમાં લઇ જઇને, કવેળાએ ABCD શીખવાડીને આનંદ આપવો કે માતૃભાષા સાથે જોડીને, એકલા એકલા ખાવાનું શીખવાડીને આનંદ આપવો કે વહેંચીને ખાવાનું શીખવાડીને, પશુ-પંખીને મારીને આનંદ આપવો કે એમને પ્રેમ કરીને... આ બધી વાતો માતા-પિતાની સમજણ અને વિવેકના આધારે નક્કી થાય છે. વિવેકમાં આનંદ ભળે તો વિવેકાનંદ થવાય!

બાળકની અનન્યતા, વિશિષ્ટતા, લાક્ષણિકતા અને મૌલિક્તા પારખવી એ ખૂબ અઘરું છે, પણ અતિ મહત્ત્વનું છે. આજકાલ જેને Aptitude Test કહેવામાં આવે છે એ પ્રક્રિયા માતા-પિતા-પરિવારે કરવી જ જોઇએ. Aptitude એટલે અભિરૂચિ, વૃત્તિ, પાત્રતા, કુશાગ્રતા, કૌશલ્ય, સુસંગતિ અને ગ્રહણશક્તિ. બાળકની વૃત્તિ, અભિરૂચિ અને ગ્રહણશક્તિ મુજબ એને યોગ્ય પ્રવૃત્તિ સાથે જોડવાથી એને આનંદ મળે છે. પણ માતા-પિતા એથી વિપરીત પોતાની અપેક્ષાઓ બાળક ઉપર લાગે છે, જેનો એને બોજ લાગે છે. ભાર વાસ્તવમાં પુસ્તકોને કે દફ્તરનો છે કે કરતાં પરિવારની અપેક્ષાઓનો વિશેષ છે. એમાં એ પોતાની જાતને ગોઠવી શકતો નથી... તેથી પરિવારજનોની અપેક્ષાઓને એ પરિપૂર્ણ કરી શકતો નથી કે પોતાનો વિકાસ પણ સાધી શકતો નથી. આ વાત એને આનંદ નહીં ઉદ્વેગ આપે છે. જેને પરિણામે બાળકો નાની ઉંમરમાં જીવન ટુંકાવી નાખે છે. આપણે વિચારીએ!

**Aptitude એટલે અભિરૂચિ, વૃત્તિ, પાત્રતા, કુશાગ્રતા, કૌશલ્ય, સુસંગતિ અને ગ્રહણશક્તિ, બાળકને વૃત્તિ, અભિરૂચિ અને ગ્રહણશક્તિ મુજબ એને યોગ્ય પ્રવૃત્તિ સાથે જોડવાથી એને આનંદ મળે છે**

**● અનન્ય હોવું...**

મનુષ્ય અનંત સુધી વિકસી શકે છે અને અનંતમાં વિલીન થઇ શકે છે. વિકાસની અસીમ - અનંત સીમાઓને સ્પર્શ કરવાની મનુષ્યની ઝંખના જ એને એ ક્ષમતા બક્ષે છે. પૂર્ણતાને પામવાની મથામણ એને પૂર્ણત્વ તરફ દોરી જાય છે. નાની નાની વાતો પૂર્ણતા તરફ દોરી જાય છે અને પૂર્ણતા એ કંઇ નાની વાત નથી! આવી જીવનલક્ષી નાની નાની વાતો બાળકોને શીખવવી જોઇએ. એ બધી વાતો ભલે સ્થૂળ કે ભૌતિક હોય, પણ એમાંથી નીપજતી ચીવટ એને સૂક્ષ્મતા કે આધિભૌતિકતા તરફ લઇ જાય છે. પૂર્ણતા તરફની ગતિ અને એની પ્રાપ્તિ માટેનો પુરૂષાર્થ અપેક્ષિત છે પણ અપૂર્ણતાનો ઉપહાસ કે એની ઉપેક્ષા કયારેય ન કરવી. અપૂર્ણતા અભિશાપ નથી, પરંતુ પરમેશ્વરની અધૂરી કાવ્યપંક્તિ છે!

અંગ્રેજીમાં એક સરસ ઉક્તિ છે -

**Perfection is not achieved completely by any one in the world, but if you keep chasing PERFECTION, Somewhere on the way, you may catch EXCELLENCE !**

પૂર્ણતા ઉપાસ્ય છે, પણ આ જગતમાં કોઇ પૂર્ણ નથી. પૂર્ણતાની આરાધના કરતાં કરતાં એ માર્ગ ઉપર કયારેક તો ઉત્કૃષ્ટતા પ્રાપ્ત થઇ જશે! માટે આગ્રહ તો **Not less than Perfection** નો જ રાખવો.

જીવન-કૌશલ્યો - **Life Skills** ના શિક્ષણ દ્વારા વિદ્યાર્થીઓમાં જીવનને નજીકથી સમજવાની શક્તિ વિકસે છે. એથી એને જીવન જીવવા જેવું લાગેછે. પરાવલંબી મટીને એ સ્વાવલંબી બને છે. બહિર્મુખતામાંથી અંતર્મુખતા તરફ ઢળે છે. માટે શિક્ષણની નાની-મોટી પ્રત્યેક બાબતનો, પ્રત્યેક સિદ્ધાંતનો વિનિયોગ એ વ્યાવહારિક જીવનમાં કરે તે અત્યંત આવશ્યક છે.

પહેલી નજરે આધ્યાત્મિકતાની અનુભૂતિ કરાવતો આ શબ્દ - અનન્ત-વાસ્તવમાં જીવનનો વ્યાવહારિક આધાર બની શકે છે. અનન્ત વિકાસનું પ્રતિક છે. અખંડ કુંતલાકાર - ● અર્થાત **Spiral**. એનો કોઇ છેડો નથી, એની કોઇ સીમા નથી. એક સુંદર વાક્ય પર ધ્યાન કેન્દ્રિત કરીએ -

ભક્તિ હૃદયને કોમળ બનાવે છે,
પણ જ્ઞાન હૃદયને વિશાળ બનાવે છે,

આપમે આપણાં બાળકોનાં હૃદય, મન, મસ્તિષ્ક વિશાળ બનાવવાં છે. એમની વિચારની ક્ષિતિજને વિસ્તારવી છે.

એમને કેવળ પાઠ્યપુસ્તકો અને પરીક્ષાઓનાં બંધનમાં નથી જકડી લેવા. અભ્યાસક્રમને ભલે અનુસરીએ, અભ્યાસવૃત્તિ ન ચૂકીએ.

તાસમાં ભલે ભણાવીએ, નવી ક્ષિતિજોને નિહાળવાનું ન ચૂકીએ.

પરીક્ષા ભલે લઇએ, ઉન્નતિની પરિભાષા ન ભૂલીએ.

ભૌતિકતા અને આધ્યાત્મિકતાનો સુભગ સમન્વય એટલે જ - સર્વાંગીણ ઉન્નતિ. પરિશ્રમના જળ વિના ઉન્નતિનું વૃક્ષ પાંગરતું નથી.

મનુષ્યમાં શક્તિ તો અનંત છે, પણ તે અવ્યક્ત છે. અવ્યક્ત ગુણોને ખિલવી શકે અને અવ્યક્ત શક્તિને જાગ્રત કરી કાર્યમાં જોડી શકે, તેનું જ નામ શિક્ષણની સંરચના જ સમાજ માટે ઉપકારક છે જે મનુષ્યના અનંત વિકાસની દિશાને દીવાદાંડીની જેમ અજવાળી શકે.

આપણે બધા 'અનંત'ના આરાધક છીએ.

ચાલો પ્રાર્થીએ -
અવનિતલ ને અંતરને દલ
પ્રકટ શુચિ દીપની માળા હો,
રમ્ય જીવનપથ ઉપર પલ પલ
અજવાળા, બસ, અજવાળાં હો.